# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika


વર્ષ : ૧૭
અંક : ૭

૨૦૨૩ : જુલાઈ
માસિક : રૂ. ૫/-



**: તંત્રી :**

**શ્રી જગતભાઈ એચ. દવે**

૨, સરદાર પટેલ સોસાયટી, કરમસદ રોડ,

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. (મો.) ૯૯૨૫૯૪૬૬૦૪



**: પ્રકાશક :**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮

મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭

કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## તંત્રી લેખ...

15 Mantras That Every Hindu Should Learn And Teach To Children
Learn Yourself And Also Teach Family / Children.
15 मंत्र जो.... हर हिंदू को सीखना और बच्चों को सिखाना चाहिए,

1. Mahadev
   *ॐ त्र्यम्बकं यजामहे, सुगन्धिं पुष्टिवर्धनम्,*
   *उर्वारुकमिव बन्धनान, मृत्योर्मुक्षीय मामृतात् ॥*
2. Shri Ganesha
   *वक्रतुंड महाकाय, सूर्य कोटि समप्रभ निर्विघ्नम कुरु मे देव, सर्वकार्येषु सर्वदा ॥*
3. Shri Hari Vishnu
   *मङ्गलम् भगवान विष्णुः, मङ्गलम् गरुणध्वजः ।*
   *मङ्गलम् पुण्डरी काक्षः, मङ्गलाय तनो हरिः ॥*
4. Shri Brahma
   *ॐ नमस्ते परम ब्रह्मा, नमस्ते परमात्ने । निर्गुणाय नमस्तुभ्यं, सदुयाय नमो नमः ॥*
5. Shri Krishna
   *वसुदेवसुतं देवं, कंसचाणूरमर्दनम् । देवकी परमानन्दं, कृष्णं वन्दे जगद्गुरुम् ॥*
6. Shri Ram
   *श्री रामाय रामभद्राय, रामचन्द्राय वेधसे । रघुनाथाय नाथाय, सीताया पतये नमः ॥*
7. Maa Durga
   *ॐ जयंती मंगला काली, भद्रकाली कपालिनी ।*
   *दुर्गा क्षमा शिवा धात्री, स्वाहा स्वधा नमोऽस्तुते ॥*
8. Maa Mahalakshmi
   *ॐ सर्वाबाधा विनिर्मुक्तो, धन धान्यः सुतान्वितः ।*
   *मनुष्यो मत्प्रसादेन, भविष्यति न संशयः ॐ ॥*
9. Maa Saraswathi
   *ॐ सरस्वति नमस्तुभ्यं, वरदे कामरुपिणि । विद्यारम्भं करिष्यामि, सिद्धिर्भवतु मे सदा ॥*
10. Maa Mahakali
    *ॐ क्रीं क्रीं क्रीं, हलीं ह्रीं खं स्फोटय, क्रीं क्रीं क्रीं फट ॥*
11. Hanuman Ji
    *मनोजवं मारुततुल्यवेगं, जितेन्द्रियं बुद्धिमतां वरिष्ठं ।*
    *वातात्मजं वानरयूथमुख्यं, श्रीरामदूतं शरणं प्रपद्ये ॥*
12. Shri Shanidev
    *ॐ नीलांजनसमाभासं, रविपुत्रं यमाग्रजम् ।*
    *छायामार्तण्डसम्भूतं, तं नमामि शनैश्चरम् ॥*
13. Shri Kartikeya
    *ॐ शारवाना-भावाय नमः, ज्ञानशक्तिधरा स्कंदा,*
    *वल्लीईकल्याणा सुंदरा । देवसेना मनः कांता, कार्तिकेया नामोस्तुते ।*
14. Kaal Bhairavji
    *ॐ ह्रीं वां बटुकाये, क्षौं क्षौं आपदुद्धाराणाये, कुरु कुरु बटुकाये, ह्रीं बटुकाये स्वाहा ।*
15. Gayatri Mantra
    *ॐ भूर्भुवः स्वः तत्सवितुर्वरेण्यं भर्गोदेवस्य धीमहि धियो योनः प्रचोदयात ।*

**તંત્રી – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ દાતા

## અભિનંદન




## જ્ઞાતિ ગૌરવ – ચિ. કુશ નીરવ દવે

બાજખેડાવાળ જ્ઞાતિનું ગૌરવ તારીખ ૧૫–૧૦–૨૦૨૨ને શનિવારના રોજ તબલાના વિદ્યાર્થીઓએ "વૈષ્ણવ જન ધૂન સાથે" "ધ મોસ્ટ પીપલ ઈન હેન્ડ ડ્રમીંગ રિલે"નો ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો અને તારીખ ૧૬–૧૦–૨૦૨૨ થી ૧૯–૧૦–૨૦૨૨ દરમિયાન વર્લ્ડ લોન્ગેસ્ટ ગ્રુપ રિલે ૭૫ કલાક મેરેથોન ઓફ તબલા (Hand Drum) નો પણ અમદાવાદ ખાતે કમિશ્નર ઓફ યુથ સર્વિસ એન્ડ કલ્ચરલ એક્ટીવીટીસ–ગાંધીનગરના ઉપક્રમે "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત "તાલીમ સંસ્થા" ના ઉપક્રમે રેકોર્ડ નોંધાવવામાં આવ્યા હતા. આ આયોજનમાં આપણી જ્ઞાતિના શ્રી નીરવભાઈ દવે અને મીનલબેન દવેના પુત્ર ચી. કુશ નીરવ દવે એ પણ ભાગ લીધો હતો અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં અને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં પોતાનું નામ નોંધાવી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું હતું અને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયા બંને સંસ્થા દ્વારા ચી કુશ દવેના અંગત નામે વર્લ્ડ રેકોર્ડ બનાવ્યાના સર્ટીફિકેટ પણ આપવામાં આવ્યા છે.

**શુભેચ્છક – દવે પરિવાર**

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.–અમદાવાદ

## વિદ્યોતેજક ફંડ રૂ. ૧૧૦૦૦/–ના દાતા



### સ્વ. ગં.સ્વ. તિલોત્તમાબેન વિનાયકભાઈ દવે

સ્વ. ગં.સ્વ. તિલોત્તમાબેન વિનાયકભાઈ દવેનો જન્મ ડાકોર મુકામે ૨૭ સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજ રણછોડરાયજીની સેવા–પેઢી ધરાવનારા કુટુંબ (મોસાળ)માં થયો હતો. તેમના પિતૃપક્ષે વેદ પુરૂષોનું ઘર કે જ્યાં સમાજ સુધારણા અને સાહિત્યનાં વિચારો સંસ્કારના ભાગરૂપ હતા ત્યાં બીજી તરફ તેમનું મોસાળપક્ષ સમૃદ્ધ અને કૃષ્ણભક્ત હતું. ૧૯ વર્ષની વયે તેમના લગ્ન ૧૯૬૫માં ઉમરેઠનાં પ્રતિષ્ઠિત ડૉક્ટરશ્રી હિમ્મતલાલ છોટાલાલ દવેના પુત્ર વિનાયકભાઈ સાથે થયેલા.

તે જમાનામાં તેમણે લગ્નબાદ અને બે પુત્રોની સંભાળ રાખતા બી.એ. તથા એમ.એ. (વીથ સોશીયોલોજી અને ઈંગ્લીશ) નો અભ્યાસ પુરો કરી ઉદાહરણરૂપ બન્યા. તેમના મોટા પુત્ર દિપેશ દવે સુરત મુકામે વકીલાતનો (હાલ–એ.પી.પી. એન્ડ એ.જી.પી.) વ્યવસાય કરે છે તથા નાનો પુત્ર કુમાર ટેકસેશન ક્ષેત્રે વકીલાત કરે છે. તેમની મોટી પુત્રવધુ કેતકી પોસ્ટ ઓફીસમાં સ્મોલ સેવિંગ એજન્ટ અને એડવાઈઝર તરીકે કાર્યરત છે અને તેમની નાની પુત્રવધુ શીતલ ગૃહિણી તરીકે ઘર શોભાવે છે. તેમના પૌત્ર ભવ્ય પોતાના પિતા કુમારભાઈ સાથે ટેકસેશન ક્ષેત્રે વકીલાત કરે છે અને દિપેશભાઈનો મોટો પુત્ર વાસવ અમેરીકા ક્ષેત્રે સ્થાયી છે

અને નાનો પુત્ર પ્રેમ હાઈકોર્ટ તથા સુપ્રિમકોર્ટમાં વકીલાત કરે છે અને કળા ક્ષેત્રે કાર્યરત છે. મોટા પૌત્ર ભવ્યના પત્નિ શિવાંગીબેન હાલ પી.એચ.ડી.નો અભ્યાસ કરી રહેલ છે. આ પરિવારની સફળતા, સુખ તથા સમાજમાં રહેલ સ્થાનના સ્તંભ તિલોત્તમાબેન હતા.

તિલોત્તમાબેન એક વિક્રમ સમા એવા ૩૬ વર્ષના લાંબાગાળા સુધી સુરત બાજખેડાવાળ મહિલા મંડળના પ્રમુખ તરીકે સેવા આપતા હતા. તેઓ સમાજ, સમાજના લોકો, પ્રશ્નો અને કોઈપણ પરિસ્થિતીમાં મદદરૂપ થવા તત્પર રહેતા હતા જે તેમનો સમાજ પ્રત્યેનો આદર અને પ્રેમ પુરવાર કરે છે. તિલોત્તમાબેન દક્ષિણ ગુજરાતની ઉત્તમ શ્રેણીની સામાજિક તથા સાંસ્કૃતિક સંસ્થાઓમાં ઘણાં વર્ષોથી જોડાયેલ અને ઉચ્ચ હોદ્દાની જવાબદારી નિભાવવા આવતા હતાં. આજીવન તેમનો સૌને ભાત–ભાતની વાનગીઓ ખવડાવવાના શોખના સૌ કોઈ સાક્ષી છે. તેઓ હરહંમેશ સાચુ માર્ગદર્શન આપી પરિવાર અને સમાજમાં હૂંફ, પ્રેમ, વિશ્વાસ અને ઉમંગ પ્રસારવાનું પરમ કાર્ય કરતા રહેતા હતા. તિલોત્તમાબેન જેવા પરમ આદરણીય મુરબ્બી, ઉત્સાહી વ્યક્તિ, સાચા અર્થમાં સ્નેહી, ઉંડાણ નાગરિક અને આદર્શ ઉદાહરણરૂપ જીવન જીવી અચાનક હાથ તાળી આપી સૌને વિરહમાં મુકી દીધેલ, પરંતુ પોતાની પાછળ અવિરત પ્રેરણાનો પ્રવાહ છોડતા ગયા છે. પરમ કૃપાળુ મહાદેવ તેમને ચરણોમાં સ્થાન આપી સદગતિ આપે તે જ પ્રાર્થના, ઓમ શાંતિ....

તેમના સૌથી નાના પૌત્ર પ્રેમ (બબુ) દ્વારા :
ઉમરેઠનો ઉજાસ લઈ નીકળી ડાકોરની દિકરી,
માનવતા, સંપ અને પ્રેમની મુર્તિ અને હૃદયમાં બેફીકરી,
જીવન એવું જીવ્યા કે સૌ કોઈ હરહંમેશ શીખતા રહેશે,
'એક હતા તિલોત્તમાબેન' તેવું હરકોઈ કહેતા રહેશે.

| | | | |
|---|---|---|---|
| દિપેશ દવે | કેતકી દવે | વાસવ દવે | પ્રેમ દવે |
| કુમાર દવે | શીતલ દવે | ભવ્ય દવે | શિવાંગી દવે |

# શ્રી બાજખેડાવાળ મંડળ - આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ. (મો.) ૯૨૬૫૯૦૯૪૯૩

શ્રી બાજખેડાવાળ મંડળ આણંદ દ્વારા નીચે મુજબના પ્રોગ્રામનું આયોજન કરેલ છે. જેની નોંધ લઈ જ્ઞાતિ સમાજ તરફથી મળતા લાભ સમયસર મેળવી લેશો.

**(૧) લઘુરૂદ્ર**

ચાલુ સાલે ૦૯-૦૯-૨૦૨૩ના શનિવાર રોજ લઘુરૂદ્ર યજ્ઞની શરૂઆત સવારે ૯.૦૦ વાગે થશે તથા પૂર્ણાહૂતિ સાંજે ૫.૩૦ કલાકે થશે. ૧-મુખ્ય યજમાન તથા ૩-સહયજમાન લેવાના હોય છે. મુખ્ય યજમાનની રકમ ભરાઈ ગયેલ છે. સહ યજમાનના રૂ. ૩૦૦૦/- ભરવાના છે. જેની નોંધ લેવી. સવારના ૨ ભોજનપાસ ફ્રી આપવામાં આવે છે. વધારાના પાસ રૂ. ૧૮૦/- ભરેથી આપવામાં આવશે. વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધાવી દેશો.

**(૨) શરદોત્સવ તથા સિનિયર સિટીઝન સન્માન સમારંભ**

તા. ૨૮-૧૦-૨૦૨૩ના શનિવારના રોજ શરદોત્સવનું આયોજન કરેલ છે. તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ બાજખેડાવાળ અતિથિગૃહ આઝાદ મેદાન ખાતેથી તેના ભોજનપાસ ટોકન માત્ર રૂ. ૨૦/- લઈ સવારના ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન આપવામાં આવશે. ત્યારબાદ ભોજન પાસના રૂ. ૬૦/- ચૂકવવાના રહેશે. આજ દિવસે ૧૧મો સિનિયર સિટીઝન સન્માન સમારંભ યોજાશે તા. ૩૧-૧૦-૨૦૨૩ના રોજ જે કોઈ જ્ઞાતિજનને ૬૦ વર્ષ પૂરા થતા હશે તે જ્ઞાતિજન આ સન્માન સમારંભમાં ભાગ લઈ શકશે. ફોર્મ બાજખેડાવાળ હોલ આણંદ ખાતેથી સવારના ૯.૩૦ થી ૧૨.૩૦ અને ૫.૩૦ થી ૭.૦૦ દરમ્યાન મળશે. બાજખેડાવાળ છાત્રાલય વિદ્યાનગર ખાતેથી ફોર્મ સવારે ૯.૦૦ થી સાંજે ૬.૦૦ મળશે. ભરેલ ફોર્મ છાત્રાલય ખાતે જમા કરાવવાના રહેશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૦૮-૨૦૨૩ની રહેશે પ્રોગ્રામ સાંજના ૭ થી રાત્રે ૧૦.૩૦ નો રહેશે જેની નોંધ લેશો.

**(૩) નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ**

ચાલુ સાલે તા. ૧૮-૧૧-૨૦૨૩ના શનિવારના રોજ ૭.૩૦ કલાક થી ૯.૩૦ કલાક દરમ્યાન નૂતન વર્ષ સ્નેહમિલન સમારંભ યોજાશે. આ પ્રસંગે મ્યુઝિકલ ઓરકેસ્ટ્રાનું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ બાજખેડાવાળ અતિથિગૃહ આઝાદ મેદાન ખાતેથી તેના ભોજનપાસ ટોકન માત્ર રૂ. ૬૦/- લઈ સવારના ૯.૦૦ થી ૧.૦૦ દરમ્યાન આપવામાં આવશે. ત્યારબાદ ભોજન પાસના રૂ. ૧૪૦/- ચૂકવવાના રહેશે.

**(૪) ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન**

આગામું ૩૪મું રાષ્ટ્રીય અધિવેશન તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના નેજા હેઠળ નડિયાદ મુકામે ઇપ્કોવાલા હોલ ખાતે યોજાનાર છે. આ અધિવેશનમાં સવારનો ચા-નાસ્તો, બપોરનું ભોજન તથા બપોરની ચા અને સંભારણું હાજર રહેલા ડેલીગેટ્સ સૌને આપવામાં આવે છે. જેના ટોકન માત્ર રૂ. ૧૫૦/- લેવામાં આવે છે. આમ છતાં વધુ જ્ઞાતિજનો આ અધિવેશનમાં ભાગ લે તેવા શુભ આશયથી શ્રી બાજખેડાવાળ એજ્યુકેશન સોસાયટીના માત્ર આણંદ-વિદ્યાનગરમાં વસતા તથા શ્રી બાજખેડાવાળ મંડળના આજીવન સભ્યો માટે તા. ૧૫-૦૮-૨૦૨૩ના રોજ બાજખેડાવાળ અતિથિગૃહ આઝાદ મેદાન ખાતે માત્ર રૂ. ૧૦૦/- લઈ ડેલીગેટ્સ પાસ આપવામાં આવશે. ત્યારબાદ પાસ લેવા આવનારે રૂ. ૧૫૦/- ભરવાના રહેશે. જેની નોંધ લેશો. આપશ્રી પાસ લેવા આવો ત્યારે આજીવન સભ્યનું આઈ.કાર્ડ લાવવું ફરજીયાત છે.

ઉપરોક્ત તમામ માહિતી બે વખત વાંચી સમજી તેનો અમલ કરવા વિનંતી. જે–તે સંસ્થાની જે–તે માહિતી હોય તેઓને જ આ લાભ મળતો હોય છે. તેની ખાસ નોંધ લેશો.

**કિરીટકુમાર દવે** — **પ્રમુખશ્રી**

**ફાલ્ગુન ઠાકર** — **મંત્રીશ્રી**

**તથા કારોબારી સભ્યશ્રીઓ શ્રી બાજખેડાવાળ મંડળ, આણંદ**

## શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતી – ભરૂચ

બાજખેડાવાળ વાડી પુરાણી માર્ગ, ભરૂચ – ૩૯૨૦૦૧ (મો.) ૯૮૯૮૮૫૯૫૯૬

શ્રી બાજખેડાવાળ હિતવર્ધક સમિતી દ્વારા વિદ્યાર્થીઓના લાભાર્થે તા. ૮, ૯, ૧૦ જુને રાહત દરે ચોપડા વિતરણ કરવામાં આવેલું. જેનો જ્ઞાતિના વિદ્યાર્થીઓએ લાભ લીધેલ હતો.

આ ચોપડા વિતરણમાં જ્ઞાતિબંધુના સહકારથી દાનમાં આવેલી રકમ જેમ કે,

કંદર્પ પંકજકુમાર દવે તરફથી તેમના માતોશ્રી ગં.સ્વ. દર્શનાબેન પંકજકુમાર દવેના સ્મરણાર્થે રૂ. ૧૧૧૧૧/–નું દાન આપવામાં આવેલું હતું અને હરેશભાઈ શેલત તરફથી રૂ. ૯૦૦૦/–નું દાન આપવામાં આવેલુ. આ બંને દાતાઓનો ભરૂચ જ્ઞાતિ આભાર વ્યક્ત કરે છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પોતાનો સમય ફાળવીને આવનારા જ્ઞાતિ સેવકોનો ખુબ ખુબ આભાર માનીએ છે.

**રાકેશ દણાંક – મા.મંત્રી**

## શ્રી વસો બાજખેડાવાળ મંડળ – વસો

ખેડાવાળ મહોલ્લો, મુ. વસો – ૩૮૭૩૮૦, તા. નડીઆદ, જી. ખેડા

(મો.) ૯૯૯૮૦૦૫૨૯૯, ૯૮૭૯૭૬૮૦૩૭

વસો મુકામે તા. ૧૮–૦૬–૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦ કલાકે પદમાવતિ માતાજીના મંદિરમાં શ્રી વસો બાજખેડાવાળ મંડળની સાધારણ સભા યોજાઈ હતી.

સભાની શરૂઆત શ્રી શશીકાન્ત મોહનભાઈ દવેએ પ્રાર્થનાથી કરેલ.

સભાના પ્રમુખ તરીકેશ્રી જગદીશભાઈ પ્રા. દવે (મહેમદાવાદ)ની વરણી કરેલ તથા અતિથી વિશેષ તરીકે શ્રી અજયભાઈ સી. દવે (વસો)ની વરણી કરેલ. ત્યારબાદ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરેલ અને મંડળના મંત્રીશ્રી રાજુભાઈ મુ. દવે (વસો) કાર્યક્રમની માહિતી આપી. ગૌરીવ્રત કરનાર બહેનોને મંત્રીશ્રીને નામ નોંધાવવા જાહેરાત કરેલ.

વસો ગામ પંચાયતમાં ચૂટાયેલ શ્રીમતિ વિક્રીષાબેન મેહુલભાઈ દવેનું શ્રીમતિ પુષ્પાબેન ઉર્મિલાબેન તથા મંજુલાબેનના હસ્તે પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિ સમાજના વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને બાલમંદિરથી કોલેજ સુધીનાનું શ્રી જગદીશભાઈ દવે, શ્રી અજયભાઈ દવે તથા શ્રીમતિ વિક્રિષાબેન દવેના હસ્તે રૂ. ૨૮૩૦૦/–નું ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

સભાના પ્રમુખશ્રી જગદીશભાઈ દવેએ સભાને સંબોધન કરેલ તથા મંડળના પ્રમુખશ્રી અશ્વિનભાઈ ચ. દવેએ માહિતી આપેલ.

સભાના પ્રમુખશ્રી તરફથી રૂ. ૬૦૦૦/– તથા શ્રી વિજયભાઈ ભટ્ટ તરફથી રૂ. ૧૦૦૦/– વિદ્યાદાન પેટે આપેલ તદ્‌ઉપરાંત શ્રી વિજયભાઈ ભટ્ટે રૂ. ૫૦૦૦/– વિધવા સહાય માટે દાન આપેલ હતું.

શ્રી વસો બાજખેડાવાળ મંડળના આજીવન સભ્યો તા. ૩૧-૦૩-૨૦૨૩ સુધીનાને સ્મૃતિ ભેટ માટે ચર્ચા કરી આપવાનું નક્કી કરેલ છે.

અંતમાં મંડળના ખજાનચી શ્રી મુકેશકુમાર હરિપ્રસાદ ભટ્ટ દ્વારા સમારંભના પ્રમુખ, અતિથી વિશેષ તથા જ્ઞાતિજનોનો આભાર માન્યો હતો અને સૌ જ્ઞાતિજનો પ્રિતીભોજન લઈ વિદાય થયા હતા.

**રાજેન્દ્ર એમ. દવે–મંત્રી**

## વડોદરા બાજખેડાવાળ સમાજ

એ-૨૦૪, મનુભાઈ ટાવર, સયાજીગંજ, વડોદરા-૩૯૦૦૦૧ (મો.) ૯૬૮૭૬૬૮૬૫૩

### નોટબુક વિતરણ

વડોદરા બાજખેડાવાળ સમાજ તરફથી આજીવન સભ્યના શાળા/કોલેજમાં અભ્યાસ કરતાં બાળકોને ફૂલસ્કેપ નોટબુકનું રાહતદરે વિતરણ જૂન માસના તા. ૦૫-૦૬-૨૦૨૩, તા. ૧૮-૦૬-૨૦૨૩ અને તા. ૨૫-૦૬-૨૦૨૩ના રવિવારના રોજ સવારે ૧૦.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન સમાજની ઓફિસેથી કરવામાં આવ્યું. ફક્ત રૂ. ૧૦૦/- પ્રતિ ડઝનના ભાવે વિદ્યાર્થી દીઠ દોઢ ડઝન નોટબુક આપવામાં આવી. ૨૦૫ ડઝન નોટબુકનું રાહતદરે વિતરણ કરવામાં આવ્યું. આ પ્રોજેક્ટ અંતર્ગત સમાજના વિવિધ દાતાશ્રીઓ તરફથી અનુદાન આપવામાં આવ્યું. સંસ્થાની કારોબારી સમિતિ સર્વ દાતાશ્રીઓનો હૃદયપૂર્વક આભાર માને છે.

દાતાશ્રીઓની વિગત નીચે મુજબ છે.

(૧) શ્રી કૌશિકભાઈ મહાશંકર ભટ્ટ (એડવોકેટ) તરફથી તેઓના માતૃશ્રી સ્વ. શ્રીમતિ પુષ્પાવતી મહાશંકર ભટ્ટ તથા સ્વ. શ્રી મહાશંકર નર્મદાશંકર ભટ્ટ કે જેઓ ગુજરાત રાજ્ય તથા વડોદરા શહેરમાં ફોજદારી વકીલ તરીકે ખૂબ જ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ ઉપરાંત છોટા ઉદેપુર સ્ટેટના મહારાજાના વકીલ તરીકે માનદ્ સેવા આપેલ હતી તેમના સ્મરણાર્થે નોટબુક સહાય ફંડ-૨૦૨૩ પેટે રૂ. ૨૫૦૦૦/- સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. (૨) શ્રી પ્રવિણચંદ્ર દયાશંકર પંડ્યા (યુ.એસ.એ.) તરફથી રૂ. ૨૪૬૦૦/-નું દાન નોટબુક સહાય ફંડ પેટે સંસ્થાને મળેલ છે. (3) સ્વ. શ્રીમતિ ભારતીબેન બિપીનભાઈ જોશીના સ્મરણાર્થે શ્રી બિપીનભાઈ મંગુભાઈ જોશી તથા પરિવાર તરફથી રૂપિયા ૧૫૦૦૧/-નું દાન મળેલ છે. ઉપરાંત (૪) દીપદર્શન રેફ્રીજરેશન તરફી રૂ. ૫૦૦૧/- (૫) શ્રી હરેશચંદ્ર જે. પંડ્યા તરફથી રૂ. ૫૦૦૦/- (૬) શ્રી ચંદ્રકાંન્ત ડી. ત્રિવેદી તરફથી રૂ. ૫૦૦૦/- (૭) શ્રીમતિ વીણાબેન ભરતકુમાર શેલત તરફથી રૂ. ૫૦૦૦/- (૮) શ્રીમતિ વિદ્યુતબેન મનોજભાઈ પંડ્યા તરફથી રૂ. ૫૦૦૦/- (૯) સ્વ. જનકરાય ચીનુભાઈ દવેના સ્મરણાર્થે ગં.સ્વ. નયનબાળા જનકરાય દવે તરફથી રૂ. ૨૫૦૦/- (૧૦) શ્રી પ્રણવભાઈ નટવરલાલ ઠાકર તરફથી રૂ. ૨૫૦૦/- (૧૧) શ્રી કૌશિકકુમાર કનૈયાલાલ દવે પરિવાર તરફથી રૂ. ૨૧૦૦/- (૧૨) શ્રીમતી અંજનાબેન એમ. દવે તરફથી રૂ. ૨૦૦૦/- (૧૩) શ્રીમતિ મેઘના ઠાકર તથા શ્રી હિરેન ઠાકર તરફથી રૂ. ૧૫૦૧/- (૧૪) શ્રી વિરેન્દ્રકુમાર ભાનુપ્રસાદ શેલત તરફથી રૂ. ૧૫૦૦/- (૧૫) શ્રી મુકુંદભાઈ જયશંકર દવે તરફથી રૂ. ૧૧૧૧/- (૧૬) શ્રીમતિ દેવયાનીબેન ત્રિવેદી તરફથી રૂ. ૧૦૫૦/- (૧૭) ગં.સ્વ. ચંદ્રીકાબેન ભાનુપ્રસાદ ભટ્ટ તરફથી રૂ. ૧૦૦૧/- (૧૮) ગં.સ્વ. અરૂણાબેન યોગેન્દ્રભાઈ દવે તરફથી રૂ. ૧૦૦૧/-

શ્રીમતિ રમાબેન કનુભાઈ ઠાકર તરફથી શૈક્ષણિક ફંડ પેટે રૂ. ૧૦,૦૦૦/- તથા શ્રી માર્કન્ડભાઈ ચીમનલાલ દેસાઈ તરફથી રૂ. ૨૫૦૦૦/- શૈક્ષણિક સહાય-૨૦૨૩ પેટે સંસ્થાને પ્રાપ્ત થયેલ છે.

**ભૂપેન્દ્રભાઈ જે. શેલત** — મંત્રી

**બંદિશભાઈ એ. દવે** — પ્રમુખ

**તથા સમસ્ત કારોબારી સમિતિ**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, નડીયાદ (મો.) ૯૪૦૮૫૦૧૩૯૦

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડિયાદ દ્વારા તા. ૨-૭-૨૦૨૩ના રોજ રવિવાર ગૌરીવ્રત હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરેલ.

સૌ પ્રથમ સ્પર્ધામાં પ્રાર્થના ગીત ગાઈને શરૂઆત કરી. મહેમાનોને ફુલગુચ્છ આપી સ્વાગત કરી આવકાર્યા હતા. ત્યારબાદ હરિફાઈની શરૂઆત કરવામાં આવેલ. સ્પર્ધામાં કન્વીનર શ્રી રાજુલ ભટ્ટ તથા રિદ્ધિ તરવાડીએ સેવા આપી. સ્પર્ધામાં પાંચ વિભાગ પાડવામાં આવ્યા હતા. જેના વિજેતાના નામ નીચે મુજબ છે.

વિભાગ (૧) ઢીંગલી હરિફાઈ (૩ થી ૫ વર્ષ) વિભાગ (૨) ઉંચો કૂદકો (૬ થી ૧૨ વર્ષ) (૩) સ્ટ્રોમાં બોલ (૧૩ થી ૧૭ વર્ષ) (૪) સંગીત ખુરશી (૨૬ થી ૫૦ વર્ષ) (૫) ફુગ્ગા ફોડ (૫૧ થી ઉપર)

વિભાગ (૨) ઉંચા કુદકો પ્રથમ વિજેતા (૧) પહલ ભાવેશકુમાર મહેતા (૨) વિશ્વાબેન નિરવકુમાર દવે (૩) દ્રષ્ટિ મિતેષકુમાર દવે

વિભાગ (૩) સ્ટોમા બોલ પ્રથમ વિજેયા (૧) રિદ્ધિ પુનિતકુમાર દવે (૨) હીર મહેશભાઈ ઠાકર (૩) કાવ્યા રાકેશભાઈ દવે

વિભાગ (૫) ફુગ્ગા ફોડ પ્રથમ વિજેતા (૧) હીના ભાવેશકુમાર મહેતા (૨) જલ્પા રશેષકુમાર ઠાકર (૩) પરિભા તુષાર શુક્લ

વિભાગ (૬) સંગીત ખુરશી પ્રથમ વિજેતા (૧) પ્રીતિ સ્નેહલ ત્રિવેદી (૨) વર્ષાબેન ધર્મેશભાઈ દેસાઈ (૩) જીગીશાબેન રાકેશકુમાર દવે

ગૌરીવ્રત નિમિત્તે પધારેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું અને ગણપતિની આરાધનાથી પ્રોગ્રામની શરૂઆત કરી. અમદાવાદ ડાન્સ કોમ્પીટીશનમાં પ્રથમ, દ્વીતીય આવેલ. કુ. મૈત્રી ઠાકર, પ્રતિભાબેન ઠાકરનું મોમેન્ટો આપી સ્વાગત કર્યુ આવેલ ભેટ (૧) ઉર્વશીબેન ઠાકર રૂ. ૫૦૦/- (૨) વયસ્ક મંડળ રૂ. ૧૦૦૦/- ભેટ તથા કાશ્મીરાબેન ઘોરા તરફથી દરેકને આઈસ્ક્રીમ, ગં.સ્વ. હંસાબેન જે. દવે તરફથી આઈસ્ક્રીમ, હરીશભાઈ મહેતા તરફથી બાળાઓને કેળાની વેફર, અસ્મિતાબેન દવે તરફથી પેંડા, નિકેતાબેન દવે તરફથી ચોકલેટ દરકે બાળાઓને પ્રોત્સાહન આપી (૧) ગીફ્ટ - ગાયત્રીબેન (૨) જલ્પાબેન ઠાકર તરથી હેરપીન, બક્કલ રીંગ, ડાન્સમાં પ્રથમ કુ. મૈત્રી ઠાકર + પરિક્ષિત ભટ્ટને ભાવનાબેન શુક્લ તરફથી રૂ. ૨૫૦/- લેખે પ્રોત્સાહન ઈનામ આપ્યા. આઈસ્ક્રીમ લઈ તથા આનંદ કરી સૌ છૂટા પડ્યા. આગામી કાર્યક્રમ જેવા કે કેવડાત્રીજની પુજા અને સમુહ સામાપાંચમની ઉજવણી તથા ફરાળનું આયોજન પણ બાજખેડાવાળ મહિલા સમાજ નડીયાદમાં કરવામાં આવે છે. જેની તા. ૧૮-૯-૨૩ સોમવાર અને પાંચમ ૨૦-૯-૨૦૨૩ બુધવાર છે. દરેકને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા.

## શ્રી અમરેશ્વર મહાદેવ – વારાહી માતા – કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ–૩૮૮૨૨૦ (ગુજરાત)

સર્વે જ્ઞાતિજનોને જય વારાહી માતાજી શ્રી વારાહી માતાનો વિશ્વ વિખ્યાત આસો સુદ નોમનો હવન તારીખ ૨૩–૧૦–૨૦૨૩ને સોમવારે રાત્રે રાબેતા મુજબ ચાલુ થશે. નવરાત્રિ પ્રારંભ તા. ૧૫–૧૦–૨૩ને રવિવારથી ચાલુ થશે.

નીચેના દાતાઓ તરફથી દાન મળેલ છે તેમનો આભાર (૧) સ્વ. શ્રી ભરતકુમાર ટી. દવે – અમદાવાદ તરફથી રૂ. ૧૭૦૦૦/– મળેલ છે. (૨) સ્વ. શ્રી ભાસ્કરભાઈ એમ. શેલત–અમદાવાદ તરફથી રૂ. ૧૭૦૦૦/– મળેલ છે (૩) સ્વ. શ્રી ઋજુલ ભાસ્કરભાઈ શેલત તરફથી રૂ. ૧૭૦૦૦/– મળેલ છે. (૪) પ્રવિણકુમાર ગણપતરામ શેલત તરફથી રૂ. ૫૦૦૧/– દાન મળેલ છે. (૫) નયનભાઈ હરિહર શેલત તરફથી રૂ. ૪૩૫૦/– તેમજ રૂ. ૫૦૦/–ની પણ ઘણા ભક્તો તરફથી પાર્વતિઓ ફાટેલ છે. અમારા ઉપરોક્ત ટ્રસ્ટમાં દાન આપેલ સર્વેનો આભાર માનવામાં આવે છે.

**સુરેશભાઈ જોષી**
**પ્રમુખ**

---

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ–૬૦૦૦૦૩

સમાજના આશ્રયે ભવનના સુવર્ણ જયંતી વર્ષમાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સમાજના પ્રમુખશ્રી બીજલ બી. ડોળીયા તરફથી બાવન ગજની વિશેષ ધજા જે ભાદરવા સુદ પુર્ણિમા પ્રસંગે આરાસુરી અંબાજી મંદિરના શિખરે ફરકાવવામાં આવશે તે ધજા સમાજના ભવનમાં પધરાવી અષાઢી માસની નવરાત્રિ પ્રસંગે પ્રતિદિન શ્રી લલિતા સહસ્ર નામ અર્ચન પુજા સમાજની સુમંગલી બહેનો દ્વારા કરવામાં આવેલ. શ્રીમતી વંદનાબેન બી. ડોળીયા તરફથી આમંત્રિત દરરોજ કરવામાં આવેલ. શ્રીમતી વંદનાબેન બી. ડોળીયા તરફથી આમંત્રિત દરરોજ દસેક સુમંગલી બહેનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી શક્તિ સેવક મંડળ તરફથી દશેરા ૨૭–૬–૨૩ નવચંડી હવનના યજમાનપદે સમાજની કારોબારી સમિતિના સભ્યો ટીમ બીજલ તરફથી ભાગ લીધો હતો. નવચંડી પૂજા–હવનમાં ૧૧ સભ્યોએ ભાગ લઈ કાર્યક્રમને સફળતાથી સંપન્ન થયેલ. નવચંડી હવન બાદ મહાપ્રસાદીમાં સારી એવી સંખ્યામાં માઈભક્તો પધાર્યા હતા. જેનો તમામ ખર્ચ સમિતિ ટીમ બીજલ દ્વારા કરવામાં આવેલ.

શ્રી બાજખેડાવાળ મિત્ર મંડળ દ્વારા ૨૨–૭–૨૩ના રોજ સમાજના ભવનમાં રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦ માતા કી ચોકીનો ભવ્ય કાર્યક્રમ આયોજીત છે જેમાં શ્રી ગોપાલ શર્મા તથા શ્રી રાજેશ શર્મા માતાજીના ભજનોની સંગીતમય રમઝટ બોલાવશે.

સમાજના આશ્રયે સોજીત્રા પ્રિમીયર લીગની સંગાથે ચેન્નઈની પ્રખ્યાત નહેરૂ સ્ટેડિયમમાં રવિવાર તા. ૦૬–૦૮–૨૩ના રોજ એક દિવસીય રમત–ગમત દિન (મેઘા સ્પોર્ટ ડે) ફક્ત રૂ. ૧૦૦/–માં રજીસ્ટ્રેશન કરાવી વિવિધ રમતગમતોમાં ભાગ લઈ શકશે જેમાં સવારનો નાસ્તો, બપોરનું ભજન, સાંજનું હાઈ ટીનો સમાવેશ છે. સ્પોર્ટસ કમીટીના સભ્યો શ્રી નિમીશ એચ. ડોળીયા, સ્વપ્નીલ વ્યાસ તથા યોગેશ દવે પુરજોશમાં તૈયાર કરી રહ્યા છે.

સમાજના આશ્રયે તથા શ્રી શક્તિ સેવક મંડળના સંયુક્ત પણા આયોજનથી "ધજા પધરામણી" નો શુભારંભ ચેન્નઈમાં માઈભક્તોના નિવાસસ્થાને તા. ૨–૭–૨૩થી થયેલ છે. 'ધજા–દર્શન'નો તા. ૧૯–૯–૨૩ના કાર્યક્રમ સુધી લગભગ દર રવિવારે આ આયોજન થશે અને લગભગ ૫૦ થી વધુ માઈભક્તો આનો લાભ લેશે જેનો કાર્યક્રમ અગાઉથી નક્કી થયેલ છે.

**બીજલ બી. ડોળીયા** — **પ્રમુખ**

**મનોજ વી. શુક્લા / અમિત આઈ. પાઠક** — **મંત્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ–૩૮૮૦૦૧ ફોન : ૦૨૬૯૨–૨૪૪૨૧૨

આણંદ બાજખેડાવાળ મહિલા મંડળ દ્વારા તા. ૨–૭–૨૩ રવિવારે ગૌરીવ્રત નિમિત્તે બાજખેડાવાળ હોલમાં રમતગમત મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં સર્વે બાલિકાઓ ખુબ જ ઉત્સાહીત હતી. સાથે વરસાદની આગાહી છતાં વરસાદે વિરામ લઈ લેતા સભ્યો બહેનો સર્વના ચહેરામાં આનંદ ઉત્સાહ વર્તાતો હતો. આ રમતોત્સવમાં લીબું–ચમચો, રીંગ ટાર્ગેટ, ડાન્સ સ્પર્ધા તથા જનરલ નોલેજ સહીતની રમતોમાં બાલિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો જેમાં સહમંત્રી ગીતાબેન શુકલ તરફથી બધી જ બાલિકાઓને ૩ નંગ ચોપડા પેનનું વિતરણ કરવામાં આવેલ સાથે ગીતાબેન માયાબેન કિરીટભાઈ દવે તરફથી લકી ડ્રોનો ૫ ઈનામ તથા માયાબેન કે દવે રીંગ ટાર્ગેટની તથા જનરલ કોલેજના કુલ ૬ ઈનામ આપવામાં આવેલ. વિવિધ ઈનામો ખુબ જ સુંદર હતા. આ સાથે ડૉ. વનલતાબેન સી. ભટ્ટ દ્વારા દરેક બાલિકાઓને ક્રિસ્ટલની માળા, બુટ્ટી, બ્રેસલેટ સેટ તથા પુષ્પલબેન રીંજલકુમાર પંડ્યા તરફથી ફેન્સીપર્સ, ચાંલ્લાના પેકેટ, રબર, પેન્સીલ સહીત દરેક બાલિકાને મ્યુનિ. કાઉન્સીલર નયનાબેન જી. ભટ્ટ તરફથી બધી જ બાલિકાઓને (સ્ટીલ)ની ડીસો, પ્રથમ, બીજો નંબરની બાલિકાઓને મંડળ તરફથી કવર આપવામાં આવેલ. આ સાથે બધાના આનંદમાં ઉત્સાહ સાથે મીઠાશ આપવા મ્યુ. કાઉન્સીલર દિક્ષિતાબેન તીર્થકુમાર દવે તરફથી આઈસ્ક્રીમ કેન્ડી તથા ખજાનચી સુમિત્રાબેન હસ્તે ધારાબેન તેજસકુમાર ઠાકર દ્વારા મેગો આઈસ્ક્રીમ કેન્ડી બધા ઉપસ્થિત સભ્યોને સૌના આનંદમાં મીઠાસ વધારી હતી. પ્રત્યક્ષ પરોક્ષ સૌ સાથ–સહકાર આપનાર સભ્યોનો ખુબ ખુબ આભાર.

મંડળનો હવે પછીનો આગામી કાર્યક્રમ અધિક માસની ઉજવણીમાં જે બહેનોને પુજામાં બેસવા માટે રૂ. ૭૦૧/– ભરાવી નામ લખાવી લેવા તથા ધોરણ ૧૦, ૧૨, ગ્રેજ્યુએશન, પોસ્ટ ગ્રેજ્યુએશન લેટેસ્ટ, માર્કશીટની ઝેરોક્ષ સભ્ય બહેનોની દીકરીઓ હોય તો તેઓએ જમા કરાવી લેવી.

**મીનાબેન પી. જોષી** — **પ્રમુખ**

**પાયલબેન પી. દવે** — **મંત્રી**

**સર્વે કારોબારી સભ્યો**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૯૩૨૮૨૩૦૬૭૦, ૯૯૧૩૬૧૬૦૬૪

**અધિક માસ વ્રત ઉદ્યાપન**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા આગામી તા. ૧૫–૮–૨૦૨૩ના રોજ અધિક માસ વ્રત ઉદ્યાપનની ધાર્મિક વિધિનું આયોજન કરવામાં આવ્યું છે. જે ભાઈ–બહેનોને

ભાગ લેવાનો હોય તેમણે પોતાના નામ તૃપ્તીબેન જોષી ૯૮૨૫૦૦૯૮૫૧ તથા જલ્પાબેન જોષી ૭૩૮૩૯૩૧૭૪૨ પર લખાવી દેવા સમય સવારે ૯.૦૦ થી ૧.૦૦ સ્થળ– પુનીતાશ્રમ, મણીનગર

**અન્નપૂર્ણા સહાય યોજના**

અમારી સંસ્થા દ્વારા દર ત્રણ મહીને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી કરવામાં આવે છે. આ માટે અમોને જ્ઞાતિના ઉદાર દાતાશ્રીઓ તરફથી સતત દાન–ફંડ મળતુ રહે છે. જેની આ મહિનાની યાદી આ મુજબ છે.

(૧) શ્રી જય વિજયભાઈ ભટ્ટ તરફથી સ્વ. શકુંતલાબેન વિજયભાઈ ભટ્ટના સ્મરણાર્થે રૂ. ૫૦૦૧/– (૨) શ્રી ભારતીબેન મહેન્દ્રભાઈ દવે રૂ. ૫૦૦૦/– (૩) શ્રી પ્રણવભાઈ રાજેન્દ્રભાઈ દવે રૂ. ૧૨૦૦૦/– (૪) શ્રી ગીતાબેન એસ. દેસાઈ રૂ. ૯૦૦૦/– (૫) શ્રી રીનાબેન વિક્રમભાઈ પંડ્યા રૂ. ૧૧૫૦૦/–

**સેલ્ફ મંડળ સેમીનાર**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ દ્વારા દરેક મહિલા પોતાની જાતે કેવી રીતે મેઈક–અપ કરી શકે તે અંગેનો સેમીનાર તા. ૩૦–૦૬–૨૦૨૩ના રોજ આયોજીત કરવામાં આવેલ. આ માટે આપણી જ્ઞાતિના જાણીતા બ્યુટીશીયન શ્રીમતી અર્ચનાબેન રીતેશભાઈ ઠાકરનો સહયોગ મળેલ. સમગ્ર સેમીનારમાં તેઓએ ખૂબ જ અગત્યની ટીપ્સ શીખવાડેલ આશરે ૫૭ જેટલી બહેનોએ આ સેમીનારમાં ભાગ લીધો હતો. દરેક યુવતીઓ, મહિલાઓ તથા પ્રોઢાઓને સાદગીથી પણ છતાં ચહેરો સુંદર કેવી રીતે રહે તે અંગેની માહિતી મળતા તેઓએ ખૂબ જ સંતોષ અને આનંદ અનુભવેલો ભાગ લેનાર તમામ બહેનોનો તેમ જ અમારી સંસ્થા શ્રી અર્ચનાબેનનો ખૂબ ખૂબ આભાર માને છે.

**મંત્રીશ્રી** — **પ્રમુખ**

**તૃપ્તીબેન જોષી / ભોપીબેન ભટ્ટ** — **દર્શનાબેન એ. ભટ્ટ**

## શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ – અમદાવાદ

C/o સુનીલ દવે ૪૭, જનપથ સોસાયટી, કેનાલ રોડ, ઘોડાસર, અમદાવાદ–૩૮૦૦૫૦

(મો.) ૭૦૪૬૦૨૩૯૨૨, ૯૯૭૪૧૨૭૮૧૦

**એકકુંડી લઘુરૂદ્ર**

વ્હાલા જ્ઞાતિજનોને ગૌરવની લાગણી સાથે જણાવતા આનંદ થાય છે કે દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૨૦–૦૮–૨૦૨૩ને રવિવારના રોજ શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા એકકુંડી લઘુરૂદ્રનું આયોજન શ્રી પ્રાણશંકરભાઈ હોલ, કાંકરિયા ખાતે કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૧ યજમાનો ભાગ લઈ શકશે.

જેમાં મુખ્ય યજમાન ૧ રૂા. ૧૧,૦૦૦/– (નોંધાઈ ગયેલ છે) સહ યજમાન ૧૦ રૂા. ૫૧૦૦/– (જેમાં ૩ યજમાન હાલમાં નોંધાવાના બાકી છે.) તો ઈચ્છુક જ્ઞાતિજનો વહેલી તકે પોતાનું નામ નોધાવવું.


પૂંજાપો, ફળફળાદી તથા પૂજા માટેની તમામ સામગ્રી શ્રી બાજખેડાવાળ બ્રાહ્મણ સમાજ દ્વારા આપવામાં આવશે તથા સવારે ફરાળના બે પાસ અને સાંજે જમવાના પાંચ પાસ મંડળ તરફથી યજમાનને ફ્રી આપવામાં આવશે. જે વ્યક્તિને વધારે પાસ જોઈતા હોય તેઓએ અગાઉથી મેળવી લેવા. લઘુરૂદ્રમાં નામ નોંધાવવા તથા દાન આપવાની ઈચ્છા હોય તેઓએ ઉપર જણાવેલ નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**તરલભાઈ એમ. ભટ્ટ** — **ભાવેશ પંડ્યા**

**પ્રમુખ** — **મંત્રી**

**સર્વે ટ્રસ્ટીશ્રી, સલાહકારશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કારોબારી સભ્યશ્રીઓ**


નામ : ચિ. કૃણાલ દિપકકુમાર ભટ્ટ ઊંચાઈ : ૫'–૩'' વજન : ૫૪ કિલો
જન્મતારીખ : ૨૧–૦૨–૧૯૯૪ જન્મસ્થળ : અમદાવાદ જન્મસમય : ૦૪.૨૫ બપોરે
અભ્યાસ : બી.કોમ.
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૫૨,૦૦૦/–
ગોત્ર : પૌનસ
રાશિ : મિથુન
નક્ષત્ર : આદ્રા
નાડી : આધ્ય




માતાનું નામ : ભાવનાબેન દિપકકુમાર ભટ્ટ
ભાઈ/બહેન : ૨–ભાઈ–પરણિત
પિતાનું નામ : દિપકકુમાર કાન્તિલાલ ભટ્ટ
સરનામું : એચે–૩૦૩, શાલિગ્રામ એપાર્ટમેન્ટસ, મલ્લિનાથ પાર્ક, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭
ફોન/મોબાઈલ : ૯૪૦૮૭૯૨૫૬૦, ૯૩૧૬૨૭૯૮૪૦
નોંધ : નિર્દોષ મંડળ છે.


---

નામ : ચિ. વિશ્વાસ અરવિંદભાઈ ઠાકર ઊંચાઈ : ૫'–૧૦'' વજન : ૬૫ કિલો
જન્મતારીખ : ૩૦–૦૮–૧૯૯૪ જન્મસ્થળ : આણંદ જન્મસમય : ૨૧.૩૦ કલાકે
અભ્યાસ : બી.ઈ. સિવિલ
મૂળવતન : ઉમરેઠ વ્યવસાય : નોકરી
માસિક આવક : રૂ. ૫૦,૦૦૦/–
ગોત્ર : કશ્યપ
રાશિ : વૃષભ
નક્ષત્ર : મૃગશીર્ષ
નાડી : મધ્ય





માતાનું નામ : નિલમબેન
ભાઈ/બહેન : ૧–ભાઈ–અપરણિત
પિતાનું નામ : અરવિંદભાઈ વિષ્ણુપ્રસાદ ઠાકર
સરનામું : ૨૪, બાજખેડાવાળ સોસાયટી, કાશી વિશ્વનાથ મહાદેવ પાસે, મણીનગર (પૂર્વ), અમદાવાદ–૩૮૦૦૦૮
ફોન/મોબાઈલ : ૦૭૯–૨૨૭૨૧૨૪૩ (મો.) ૯૪૨૯૦૬૯૪૪૧


| | | |
|---|---|---|
| Name | : | Chi. Abhishek Ravish Dave |
| Height | : | 6’-3’’ |
| Weight | : | 95 Kg. |
| Birth Date | : | 26-06-1992 |
| Birth Time | : | 06.45 PM |
| Birth Place | : | Hyderabad |
| Education | : | B.Com, PGD Business Management (Canada) |
| Profession | : | Job |
| Monthly Income | : | - |
| Native Place | : | Nadiad |
| Mother Name | : | Suman Daway |
| Borther/Sisters | : | Brother-Married |
| Maternal Place | : | Hyderabad |
| Father | : | Ravish G. Daway |
| Address | : | 5-8-277 to 279, Flat No. 401, Abids, Maheshnagar, Nampally, Hyderabad-500001 |
| Phone No. | : | 9949701818 |
| Mobile No. | : | - |
| E-mail | : | - |
| Contact | : | Ravish G. Daway |
| Address | : | As above |
| Phone | : | 9949701818 |
| Choice | : | Well Educated Family |
| Note | : | - |
| Gotra | : | Chitranasya |
| Nakshatra | : | Bharni |
| Rashi | : | Mesh |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Khastriya |
| Yoni | : | Gaj |
| Varg | : | Chaturshpad |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Dhruv Gaurang Bhatt |
| Height | : | 5‘-7’’ |
| Weight | : | 60 Kg. |
| Birth Date | : | 05-11-1997 |
| Birth Time | : | 17.50 hrs |
| Birth Place | : | London |
| Education | : | University of North Texas-2021, Social Studies Teching Degee |
| Profession | : | Job |
| Monthly Income | : | Annual US $ 60,000 |
| Native Place | : | Umreth |
| Mother Name | : | Jagrutibn G. Bhatt |
| Borther/Sisters | : | 1-Sister-Unmarried |
| Maternal Place | : | Jayendra Ambalal Joshi |
| Father | : | Gaurang Narendra Bhatt |
| Address | : | 302-C, Shreenath Homes, Kudasan, Gandinagar, Nr. Info City, Absent-Divorced Raised at Maturnal Place |
| Phone No. | : | +91-82381-23341 |
| Mobile No. | : | +11-425-229-9625 (Mother) |
| E-mail | : | Jayendra.joshi@gmail.com |
| Contact | : | Jayendra & Urmila Joshi |
| Address | : | 30, Chestnut Close LonDon N14-4SD |
| Phone | : | (0208) 292-2754, +44-7306-101-251 |
| Choice | : | To Settle in USA |
| Note | : | Possers U.K. & USA Passport + OCI Card |
| Gotra | : | Lankanus |
| Nakshatra | : | Purva Sadha-3 |
| Rashi | : | Dhan |
| Nadi | : | Madhya |
| Gan | : | Manushya |
| Varna | : | Kshtriya |
| Yoni | : | Vanar |
| Varg | : | Under |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. દિપેન ચંદ્રવદન ડોલીયા |
| ઊંચાઈ | : | ૫'–૬'' |
| વજન | : | ૫૫ કિલો |
| જન્મ તારીખ | : | ૨૨–૦૧–૧૯૯૧ |
| જન્મ સમય | : | – |
| જન્મ સ્થળ | : | – |
| અભ્યાસ | : | સોમનાથ યુનિ. સંસ્કૃત એસ્ટોલોજર |
| વ્યવસાય | : | વ્યવસાય |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | નરસંડા |
| માતાનું નામ | : | તરલ્લીકાબેન |
| ભાઈ/બહેન | : | ભાઈ |
| મોસાળ | : | કણજરી |
| પિતા | : | ચંદ્રવદન શંકરલાલ ડોલીયા |
| સરનામું | : | માણેકચોક, નરસંડા |
| ફોન નં. | : | ૯૫૩૭૯૯૫૮૯૩, ૯૫૩૭૯૯૫૮૯૩ |
| મોબાઈલ નં. | : | – |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | ચંદ્રવદન શંકરલાલ ડોલીયા |
| સરનામું | : | માણેકચોક, નરસંડા |
| ફોન નંબર | : | ૯૫૩૭૯૯૫૮૯૩ |
| પસંદગી | : | – |
| નોંધ | : | – |
| ગોત્ર | : | જાતુનસ |
| નક્ષત્ર | : | રેવતી |
| રાશિ | : | મીન |
| નાડી | : | અંત્ય |
| ગણ | : | દેવ |
| વર્ણ | : | બ્રાહ્મણ |
| યોનિ | : | સિંહ |
| વર્ગ | : | – |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. પ્રણવકુમાર હિતેશભાઈ ત્રિવેદી |
| ઊંચાઈ | : | ૫'–૫'' |
| વજન | : | ૭૦ કિલો |
| જન્મ તારીખ | : | ૦૫–૧૨–૧૯૯૬ |
| જન્મ સમય | : | ૦૬.૨૫ સવારે |
| જન્મ સ્થળ | : | પેટલાદ |
| અભ્યાસ | : | ડિગ્રી મિકેનિકલ એન્જીનીયર, સર્ટીફાઈડ પર્સનલ ટ્રેનર |
| વ્યવસાય | : | નોકરી |
| માસિક આવક | : | – |
| મૂળ વતન | : | પીપલાતા (હાલ નડિયાદ) |
| માતાનું નામ | : | શોભનાબેન ત્રિવેદી |
| ભાઈ/બહેન | : | બહેન–પરણિત |
| મોસાળ | : | સોજીત્રા |
| પિતા | : | હિતેશભાઈ હસમુખભાઈ ત્રિવેદી |
| સરનામું | : | ૧૮, ધર્મનગર સોસાયટી, પેટલાદ રોડ, કીડની હોસ્પીટલ પાછળ, નડિયાદ |
| ફોન નં. | : | ૮૫૩૦૪૦૮૭૮૭, ૯૯૭૮૧૧૭૧૭૨ |
| મોબાઈલ નં. | : | ૯૬૩૮૨૧૪૧૫૧ (માતા) |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | – |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | ગાર્ગ્સ |
| નક્ષત્ર | : | પ્રિતી |
| રાશિ | : | કન્યા |
| નાડી | : | આધ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | વૈશ્ય |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | ઉંદર |




| | | |
|---|---|---|
| નામ | : | ચિ. મિહિર મુકેશભાઈ ભટ્ટ |
| ઊંચાઈ | : | ૬'–૦૦'' |
| વજન | : | ૫૬ કિલો |
| જન્મ તારીખ | : | ૩૧–૧૨–૧૯૯૬ |
| જન્મ સમય | : | ૧૪.૧૫ બપોરે |
| જન્મ સ્થળ | : | અમદાવાદ |
| અભ્યાસ | : | બી.કોમ., એમ.કોમ. |
| વ્યવસાય | : | ધંધો |
| માસિક આવક | : | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| મૂળ વતન | : | ઉમરેઠ |
| માતાનું નામ | : | નીતાબેન મુકેશભાઈ ભટ્ટ |
| ભાઈ/બહેન | : | ૨–બહેન–પરણિત |
| મોસાળ | : | – |
| પિતા | : | મુકેશભાઈ મધુસુદનભાઈ ભટ્ટ |
| સરનામું | : | ૩, સૃષ્ટિ બંગલોઝ, અશ્વમેઘ–૪બી પાસે, મેડીલીક હોસ્પિટલ પાછળ, સેટેલાઈટ, અમદાવાદ |
| ફોન નં. | : | ૯૪૨૯૧૨૯૬૨૧, ૯૮૨૪૦૭૭૮૮૫ |
| મોબાઈલ નં. | : | – |
| ઈ–મેઈલ | : | – |
| સંપર્ક | : | – |
| સરનામું | : | – |
| ફોન નંબર | : | – |
| પસંદગી | : | – |
| નોંધ | : | – |

| | | |
|---|---|---|
| ગોત્ર | : | શાંડીલસ |
| નક્ષત્ર | : | ઉત્તરા ફા.–૧ |
| રાશિ | : | સિંહ |
| નાડી | : | આદ્ય |
| ગણ | : | મનુષ્ય |
| વર્ણ | : | ક્ષત્રિય |
| યોનિ | : | ગૌ |
| વર્ગ | : | શ્વાન |



| | | |
|---|---|---|
| Name | : | Chi. Nilkhilesh Harishkumar Dhyani |
| Height | : | 5‘-6’’ |
| Weight | : | 50 Kg. |
| Birth Date | : | 12-12-1993 |
| Birth Time | : | 07.58 a.m. |
| Birth Place | : | Nadiad |
| Education | : | Masters in Information & Technologies (USA) |
| Profession | : | Job & Study |
| Monthly Income | : | Rs. 1,50,000/- (USD 1800) |
| Native Place | : | Anand |
| Mother Name | : | Hemanginiben Harishkumar Dhyani |
| Borther/Sisters | : | 1-Sister-Married |
| Maternal Place | : | Nadiad |
| Father | : | Harishkumar Arunkumar Dhyani |
| Address | : | C/6, Dev-Dhan Bunglow, Maruti-Dhyan Society, Opp. Kalakruti Flats, Nr. Vyayamshala, Rajmahel Road, Anand-388001 |
| Phone No. | : | 02692-256699 (Home) |
| Mobile No. | : | 9099973870 (Father), 9925407712 (Mother) |
| E-mail | : | - |
| Contact | : | - |
| Address | : | - |
| Choice | : | Preferably - USA Cityzen or Green Card Holder |
| Note | : | - |

| | | |
|---|---|---|
| Gotra | : | Samanas |
| Nakshatra | : | Anuradha (2) |
| Rashi | : | Vrushik |
| Nadi | : | Madhya |
| Gan | : | Dev |
| Varna | : | Brahmin |
| Yoni | : | Mrug |
| Varg | : | Sarp |



Registered Under RNI No. GUJGUJ/2007/20537 date 24-07-07 Permitted to Post at PSO on last day of month Regd. Under Postal Regd. No. GAMC-705/ 2022-24 issued by SSP Ahmedabad valid & Renewed upto Dt. 31-12-2024
LPWP No. PMG / NG / 100 / 2022-2024 valid upto 31-12-2024
Published on 27th Every Month

### WebSite પર પત્રિકા મેળવવા માટે

*શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા દ્વારા પ્રકાશિત થતી માસિક "બાજખેડાવાળ પત્રિકા" આપ સર્વે* http://abbhs.in *પર* Patrika *વિભાગ પર ક્લિક દરેક માસની પત્રિકા ડાઉનલોડ કરી જોઈ શકશો.*

### What's APP પર પત્રિકા મેળવવા માટે

*છેલ્લા ઘણાં સમયથી પોસ્ટ ઓફિસમાં પત્રિકા નહી મળવાની મોડી મળવાની ફરિયાદો આવે છે. જેમાં સંસ્થા દ્વારા કંઈ પણ કરી શકાય તેવી પરિસ્થિતિમાં નથી. મે–૨૦૨૩ની પત્રિકાના પાના નં. ૪ પર* What's APP *પર પત્રિકા મેળવવા માટે એક જાહેરાત આપેલ છે જે સ્કેન કરી તમે પત્રિકા* What's APP *માધ્યમથી દર મહિને જોઈ શકો છો જેની નોંધ લેશો પત્રિકાના હયાત સભ્યો પણ આ લાભ લઈ શકે છે આમ છતાં આપને કોઈ તકલીફ હોય આમાં જોડાવામાં તો સંસ્થાની ઓફિસના નંબર પર ૭૫૭૩૯૭૮૪૭૭ પર ભાવેશભાઈ પંડયાનો સંપર્ક કરી શકશો. કાયમી ઉકેલ લાવવાના શુભ આશયથી વિના મૂલ્યે* What's APP *ગ્રુપ ચાલુ કરેલ છે તેનો લાભ લેવા નમ્ર વિનંતી. ગામે ગામના પ્રમુખોને આ લાભ લેવા માટેની માહિતી આપેલ છે જેની ખાસ નોંધ લેશો.*

### ભેટ

*શ્રી જીતેન્દ્ર જયંતીલાલ જોષી રહેવાસી અમદાવાદના પૌત્ર તથા શ્રી કમલેશ જીતેન્દ્ર જોષી રહેવાસી ગાંધીનગરના સુપુત્ર ડૉ.પૌનસના શુભલગ્ન ડૉ.યામિની સાથે તા. ૨૭–૬–૨૩ને મંગળવારના રોજ થયાં છે. તે નિમિત્તે સંસ્થાને રૂ. ૨૫૧/–ની ભેટ મળેલ છે.*

**માલિક – પ્રકાશક – મુદ્રક – પ્રકાશન સ્થાન**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા વતી અને તરફથી શ્રી જગતભાઈ એચ. દવે** દ્વારા ઘર્મેશ પ્રિન્ટોરીયમ, પ્રેસ, બી–૬, ૨૩ અને ૧૨–બી અગ્રવાલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અગ્રવાલ આઈસ ફેક્ટરી કંમ્પાઉન્ડ, દુધેશ્વર, અમદાવાદમાં છપાવી બાજખેડાવાળ પત્રિકા નં.૧–૨, રામેશ્વર ફલેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂર્વ), અમદાવાદ–૮થી પ્રકાશિત કર્યું. (મો.) : ૭૫૭૩૯૭૮૪૭૭

**(M) 9898535030, 9974127810**